M.No. 98256 49755

Office :
101-Jyoti Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot

**M.D. FALDU**

**B.Com. LL.B.,
Advocate (Guj. High)**

તા.૨૪/૦૨/૨૦૨૦

પ્રતિ,
"રાધેશ્રી ડેવલોપર્સ" ભાગીદારી પેઢી,
રાજકોટ.

બાબત : **ટાઈટલ કલીયરન્સ સર્ચ રીપોર્ટ**

મહે. સાહેબશ્રી,

અમોને ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ–ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરમાં સમાવિષ્ટ કરવામાં આવેલ ગામ **મવડીના રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી ૩**ના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૧** ની જમીન **ચો.મી.આ.૪૦૯–૫૦** તથા **પ્લોટ નં.૨** ની જમીન **ચો.મી.આ.૧૪૧–૬૮** મળી કુલ જમીન **ચો.મી.આ.૫૫૧–૧૮** ઉપર બાંધવામાં આવેલ હાઈ–રાઈઝ રહેણાંક + વાણિજય બિલ્ડીગ કે જે **"વલ્લભાશ્રય"** તરીકે ઓળખાતી બિલ્ડીંગની ઉતરોતર ઝેરોક્ષ ફાઈલ અમોને બતાવવામા આવેલ છે જે અંગેનો મારો અભીપ્રાય નીચે મુજબ છે.

## મિલ્કતનો ઈતિહાસ (હિસ્ટ્રી) :–

ગુજરાત રાજયના ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ–ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરમાં સમાવિષ્ટ કરવામાં આવેલ ગામ મવડીની ખેડવાણ જમીન તેના મુળ ખાતેદાર ધરમશી વિરાના નામે આવેલ છે જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬(હકક પત્રક) ની નોંધ નં.૪૩ થી પડેલ છે.

ત્યારબાદ તા.૨૦/૧૦/૬૧ ના રોજ ખાતેદાર કણબી ધરમશી વિરાની જમીનની નવી માપણી મુજબ તેના ખાતાની જમીનની નવી માપણી થતા માપણી રજી.મુજબ (૧) રેવન્યુ સર્વે નં.૧૮, એકર ૮–૫૫ ગુંઠા તથા ખરાબો એકર ૦–૨૦ ગુંઠા, (૨) રેવન્યુ સર્વે નં.૨૨, એકર ૫–૨ ગુંઠા, (૩) રેવન્યુ સર્વે નં.૧૩૮, એકર ૪–૨૧ ગુંઠા, (૩) રેવન્યુ સર્વે નં.૧૪૩, એકર ૦–૨૫ ગુંઠા, રેવન્યુ સર્વે નં.૧૪૫, એકર ૯–૧૪ ગુંઠા એન્ટ્રી પાડી જે અંગેની નોંધ ગામ નમુના નં.૬(હકક પત્રક)માં નોંધ નં.૧૯૨ થી પડેલ છે.

...૨

M.No. 98256 49755

Office :
101-Jyoti Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot

**M.D. FALDU**

B.Com. LL.B.,
Advocate (Guj. High)



ત્યારબાદ સદરહુ ગામ મવડીના સર્વે નં.૧૮ ની જમીન એકર ૮–૦૧ ગુંઠા તથા રેવન્યુ સર્વે નં.૨૨ ની જમીન એકર ૫–૨ ગુંઠાની જમીનમાં કણબી ધરમશી વિરાનુ નામ ચાલતુ હતુ જેઓનુ અવસાન થતા તેઓના વારસદારોના નામ દાખલ કર્યા (૧) રણછોડ ધરમશી (૨) અરજણ ધરમશી (૩) વાઘા ધરમશી (૪) આંબા ધરમશી (૫) વનાઈ ધરમશી (૬) કાળીબાઈ ધરમશીના નામ દાખલ કર્યા. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬(હકક પત્રક) ની નોંધ નં.૧૦૯૪ થી મંજુર થયેલ છે.

ત્યારબાદ સદરહુ ગામ મવડીના સર્વે નં.૧૮ ની જમીન એકર ૮–૦૧ ગુંઠા તથા રેવન્યુ સર્વે નં.૨૨ ની જમીન એકર ૫–૨ ગુંઠાની જમીનના સહ હિસ્સેદાર પટેલ રણછોડ ધરમશીનું તા.૨૪–૦૩–૧૯૬૯ ના રોજ અવસાન થતા તેમના વારસદારોના (૧) પટેલ રવજી રણછોડ (૨) છગન રણછોડ (૩) ચના રણછોડ (૪) ગાંડુ રણછોડ (૫) સગીર કુંવર રણછોડના વાલી ઉજીબેન રણછોડ તથા (૬) ગુજરનારના વિધવા ઉજીબેન રણછોડના નામ દાખલ કર્યા. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬(હકક પત્રક) ની નોંધ નં.૧૫૧૪ મંજુર થયેલ છે.

ત્યારબાદ તા.૨૧–૦૫–૧૯૮૬ ના રોજ સદરહુ ગામ મવડીના સર્વે નં.૧૮ ની જમીન એકર ૮–૦૧ ગુંઠા તથા રેવન્યુ સર્વે નં.૨૨ ની જમીન એકર ૫–૨ ગુંઠાની જમીનના સંયુકત ખાતા માંથી ઘરમેળે વહેંચણી કરતા (૧) પટેલ વાઘજી ધરમશીના ભાગે રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી જમીન એકર ૪–૦૦ ગુંઠા તથા (૨) પટેલ આંબા ધરમશીના ભાગે રેવન્યુ સર્વે નં.૨૨ જમીન એકર ૫–૦૨ ગુંઠા તથા (૩) પટેલ રવજી રણછોડ તથા છગન રણછોડ તથા ચના રણછોડ તથા ગાંડુ રણછોડ તથા સગીર કુંવર રણછોડના વાલી ઉજીબેન રણછોડ તથા ગુજરનારના વિધવા ઉજીબેન રણછોડના ભાગે રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી ની જમીન એકર ૪–૦૦ ગુંઠા આવેલ છે. બાકીના હિસ્સેદાર અરજણ ધરમશીએ પોતાનો હકક જતો કર્યો છે. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬(હકક પત્રક) માં તા.૨૦–૦૯–૧૯૮૬ થી પ્રમાણીત થયેલ છે.

...૩

M.No. 98256 49755

Office :
101-Jyoti Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot

**M.D. FALDU**

**B.Com. LL.B.,**
**Advocate (Guj. High)**



ત્યારબાદ સદરહુ ગામના રેવન્યુ સર્વે નં.૧૮ પૈકીની જમીન એકર ૪–૦૦ ગુંઠાની જમીનના સહ હિસ્સેદાર ઉજીબેન રણછોડનું અવસાન થતા બાકીના વારસદારોએ તેમના સંયુકત ખાતા માંથી ભાયુભાગની વહેંચણી કરતા (૧) છગન રણછોડના ભાગે રેવન્યુ સર્વે નં.૧૮ પૈકીની જમીન એકર ૨–૦૦ ગુંઠા તથા (૨) ચના રણછોડના ભાગે રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી જમીન એકર ૨–૦૦ ગુંઠા આવેલ છે. બાકીના વારસદાર (૧) પટેલ રવજી રણછોડ (૨) ગાંડુ રણછોડ (૩) કુંવરબેન રણછોડએ પોતાનો હકક જતો કર્યો છે. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬(હકક પત્રક) નોંધ નં.૭૦૧, તા.૩૧–૦૫–૧૯૯૪ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ શ્રી ચનાભાઈ રણછોડભાઈ સોરઠીયાએ સદરહુ ગામ **મવડીના રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી** ૩ની જમીન ચો.મી.આ.૮૩૯૮–૦૦ પૈકી ડી.પી.રોડ કપાતમાં થતી જમીન ચો.મી.૧૩૬૩–૦૦ ને બાદ કરતા બાકી રહેતી જમીન **ચો.મી.આ.૭૦૩૫–૦૦** ને રહેણાંકના હેતુ માટે બીનખેતી માટે હેતુ ફેર કરવા માંગણી કરતા શ્રી કલેકટર સાહેબ રાજકોટના હુકમ નં.એનએ–લેરેકોક–૬૫–કેસ નં.૧૭૮/૦૭–૦૮, તા.૧૨–૦૬–૨૦૦૮ થી રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવેલ. જે અંગે કુલ ૧ થી ૩૩ પ્લોટ થયેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬(હકક પત્રક)માં નોંધ નં.૧૨૭૩૮, તા.૧૨–૧૧–૨૦૦૮ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ ગામ **મવડીના રેવન્યુ સર્વે નં.૧૮/૩ પૈકી**ની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૨,૩,૪** ની કુલ જમીન **ચો.મી.આ.૪૨૬–૩૦** ચનાભાઈ રણછોડભાઈ સોરઠીયાએ શ્રી જયશ્રીબેન જેન્તીલાલ સરધારા જોગ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૧૧૨૫૯, તા.૦૫–૦૭–૨૦૦૮ થી વેચાણ આપેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬(હકક પત્રક)માં નોંધ નં.૧૩૧૪૪, તા.૧૬–૧૦–૨૦૦૮ થી પ્રમાણીત થયેલ છે.

...૪

M.No. 98256 49755

Office :
101-Jyoti Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot

**M.D. FALDU**

B.Com. LL.B.,
Advocate (Guj. High)



ત્યારબાદ સદરહુ ગામ **મવડીના રેવન્યુ સર્વે નં.૧૮/૩ પૈકી**ની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૧** ની જમીન **ચો.મી.આ.૪૦૯–૫૦** ચનાભાઈ રણછોડભાઈ સોરઠીયાએ વિજયાબેન મગનભાઈ સરધારા જોગ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૧૧૨૫૮, તા.૦૫–૦૭–૨૦૦૮ થી વેચાણ આપેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬(હકક પત્રક)માં નોંધ નં.૧૩૧૪૩, તા.૧૬–૧૦–૨૦૦૮ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ ગામ **મવડીના રેવન્યુ સર્વે નં.૧૮/૩ પૈકી**ની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૧** ની જમીન **ચો.મી.આ.૪૦૯–૫૦** વિજયાબેન મગનભાઈ સરધારાએ શ્રી દેવજીભાઈ ભોવાનભાઈ ઉકાણી જોગ રજી.વેચાણ દસ્તાવેજ અનુ. નં.૮૨૭૪, તા.૧૪–૦૭–૨૦૦૯ થી વેચાણ આપેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬(હકક પત્રક)માં નોંધ નં.૧૪૬૭૭, તા.૨૪–૦૮–૨૦૦૯ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ ગામ **મવડીના રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી** ૩ના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૧** ની જમીન **ચો.મી.આ.૪૦૯–૫૦** શ્રી દેવજીભાઈ ભવાનભાઈ ઉકાણીએ પી.પી.ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૧૧૪૨૮, તા.૦૫–૦૯–૨૦૦૯ થી વેચાણ આપેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬(હકક પત્રક)માં નોંધ નં.૧૪૯૬૬, તા.૨૨–૧૦–૨૦૦૯ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ ગામ **મવડીના રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી** ૩ના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૨** ની જમીન **ચો.મી.આ.૧૪૧–૬૮** શ્રી જયશ્રીબેન જેન્તીલાલ સરધારાએ પી.પી.ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ રજી.વેચાણ દસ્તાવેજ

...૫

M.No. 98256 49755

Office :
101-Jyoti Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot

**M.D. FALDU**

B.Com. LL.B.,
Advocate (Guj. High)



અનુ.નં.૧૨૧૧૯, તા.૧૯–૦૯–૨૦૦૯ થી વેચાણ આપેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬(હકક પત્રક)માં નોંધ નં.૧૫૦૮૮, તા.૧૦–૧૧–૨૦૦૯ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ પી.પી.ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારોએ શ્રી વિમલ પરશોતમભાઈ ઝાલાવાડીયા જોગ તા.૨૨–૦૬–૨૦૧૦ ના રોજ કરી આપેલ કુલમુખત્યારનામુ કરી આપેલ.

ત્યારબાદ સદરહુ ગામ **મવડીના રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી** ૩ના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૧** ની જમીન **ચો.મી.આ.૪૦૯–૫૦** પી.પી.ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર જાતે તથા અન્ય ભાગીદારોના કુલમુખત્યાર દરજજે વિમલ પરશોતમભાઈ ઝાલાવાડીયાએ પ્રવિણભાઈ જીવાભાઈ ગાજીપરા વિગેરે જોગ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૧૬૫૪૮, તા.૨૪–૦૬–૨૦૧૦ થી વેચાણ આપેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬(હકક પત્રક)માં નોંધ નં.૧૭૫૧૨, તા.૧૬–૦૮–૨૦૧૦ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ ગામ **મવડીના રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી** ૩ના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૨** ની જમીન **ચો.મી.આ.૧૪૧–૬૮** પી.પી.ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર જાતે તથા અન્ય ભાગીદારોના કુલમુખત્યાર દરજજે વિમલ પરશોતમભાઈ ઝાલાવાડીયાએ પ્રવિણભાઈ જીવાભાઈ ગાજીપરા વિગેરે જોગ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૧૬૫૫૦, તા.૨૪–૦૬–૨૦૧૦ થી વેચાણ આપેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં.૬(હકક પત્રક)માં નોંધ નં.૧૭૫૧૧, તા.૧૬–૦૮–૨૦૧૦ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ ગામ **મવડીના રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી** ૩ના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૨** ની જમીન **ચો.મી.આ.૧૪૧–૬૮** પ્રવિણભાઈ જીવાભાઈ ગાજીપરા વિગેરેએ

...૬

M.No. 98256 49755

Office :
101-Jyoti Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot

**M.D. FALDU**

B.Com. LL.B.,
Advocate (Guj. High)



"રાધેશ્રી ડેવલપર્સ"ના નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૬૪૫૮, તા.૧૩-૦૯-૨૦૧૯ થી બાંધકામ પરવાનગી ર.ચી.નં.૮૩૨, તા.૦૪-૦૯-૨૦૧૯ તથા આરંભ પ્રમાણપત્ર ડેવ.શા.ઈ.નં.૧૦૫, તા.૦૧-૦૫-૨૦૧૯ તથા મંજુર થયેલ લે-આઉટ પ્લાન સહિત વેચાણ આપેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં.૨માં અનુ. નં.૧૨૮૭૩, તા.૧૩-૦૯-૨૦૧૯ થી પડેલ છે.

ત્યારબાદ સદરહુ ગામ **મવડીના રેવન્યુ સર્વે નં.૧૮ પૈકી** ઉના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૧** ની જમીન **ચો.મી.આ.૪૦૯-૫૦** પ્રવિણભાઈ જીવાભાઈ ગાજીપરા વિગેરેએ "રાધેશ્રી ડેવલપર્સ"ના નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૫૪૯૪, તા.૦૫-૦૮-૨૦૧૯ થી બાંધકામ પરવાનગી ર.ચી.નં.૮૩૨, તા.૦૪-૦૯-૨૦૧૯ તથા આરંભ પ્રમાણપત્ર ડેવ.શા.ઈ.નં.૧૦૫, તા.૦૧-૦૫-૨૦૧૯ તથા મંજુર થયેલ લે-આઉટ પ્લાન સહિત વેચાણ આપેલ છે. જે અંગેની નોંધ ગામ નમુના નં.૨માં અનુ. નં.૧૨૮૩૯, તા.૦૫-૦૮-૨૦૧૯ થી પડેલ છે.

ત્યારબાદ સદરહુ "રાધેશ્રી ડેવલોપર્સ" ના નામથી ચાલતી ભાગીદારી પેઢી ના ભાગીદારોએ સદરહુ પ્લોટસ ઉપર કોર્મશીયલ કમ રેસીડેન્શીયલ હાઈ-રાઈઝ બિલ્ડીગનુ બાંધકામ ઉપરોકત બાંધકામ પ્લાન મુજબ શરૂ કરેલ છે. સદરહુ બાંધકામ પ્લાન મુજબ સદરહુ જમીન ઉપર આવેલ હાઈ-રાઈઝ બિલ્ડીગમાં બેઝમેન્ટમાં સેલર પાર્કિંગ, સીડી તથા રેમ્પનું બાંધકામ. તથા ગ્રાઉન્ડ ફલોરમાં ૧-સ્ટોલ, ૧-ટોયલેટ, ૫-શોપ, ૫-W.C., સ્ટેર, કવર્ડ પાર્કિંગ, સીડી તથા લીફટનું બાંધકામ. તથા ફર્સ્ટ ફલોરમાં ૫-શોપ, ૫-W.C., સીડી, પેસેજ તથા લીફટનું બાંધકામ તથા ટેરેસ. તથા સેકન્ડ ફલોરમાં લીવીંગ, કીચન, બે બેડ, ટોયલેટ, વોશ એવા બે યુનિટ તથા ટેરેસ તથા લીવીંગ/કીચન, બેડ, સ્ટડી, પુજા રૂમ, ટોયલેટ એવુ એક યુનિટ તથા લીવીંગ/કીચન, બેડ, સ્ટડી, ટોયલેટ, ફયુલ એવું એક યુનિટ તથા સીડી, પેસેજ,

...૭

M.No. 98256 49755

Office :
101-Jyoti Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot

**M.D. FALDU**

B.Com. LL.B.,
Advocate (Guj. High)



લીફટનું બાંધકામ. તથા થર્ડ ફલોર થી ફીફથ ફલોર સુધી દરેક માળે લીવીંગ, કીચન, બે બેડ, ટોયલેટ, વોશ એવા બે યુનિટ તથા લીવીંગ/કીચન, બેડ, સ્ટડી, પુજા રૂમ, ટોયલેટ એવુ એક યુનિટ તથા લીવીંગ/કીચન, બેડ, સ્ટડી, ટોયલેટ, ફયુલ એવુ એક યુનિટ તથા સીડી, પેસેજ, લીફટનું બાંધકામ. તથા સીકસથ ફલોરમાં લીવીંગ, કીચન, બે બેડ, ટોયલેટ તથા ઓપન ટેરેસ એવા બે યુનિટ તથા લીવીંગ/કીચન, બેડ, સ્ટડી, પુજા રૂમ, ટોયલેટ એવુ એક યુનિટ તથા લીવીંગ/કીચન, બેડ, સ્ટડી, ટોયલેટ, ફયુલ એવુ એક યુનિટ તથા સીડી, પેસેજ, લીફટનું બાંધકામ. તથા સેવન્થ ફલોરમાં લીવીંગ/કીચન, બે બેડ, ટોયલેટ તથા ઓપન ટેરેસ એવા બે યુનિટ તથા સીડી, પેસેજ, લીફટનું બાંધકામ શરૂ કરેલ છે. સદરહુ સમગ્ર સંકુલને **"વલ્લભાશ્રય"** નામ આપવામાં આવેલ છે. ત્યારથી સદરહુ મિલ્કત **"વલ્લભાશ્રય"** તરીકે ઓળખાય છે.

સદરહુ મિલ્કતના ઉતરોતર ટાઈટલ ડીડઝ નીચે મુજબ છે. જે અંગેની ઝેરોક્ષ ફાઈલ અમોને બતાવવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

***—: સદરહુ મિલ્કતના ટાઈટલ :—***

(૧) રાજકોટ મહાનગરપાલીકામાંથી મેળવેલ બાંધકામ પરવાનગી ર.ચી.નં.૮૩ર, તા.૦૪–૦૯–ર૦૧૯ તથા આરંભ પ્રમાણપત્ર ડેવ.શા.ઈ.નં.૧૦પ, તા.૦૧–૦પ–ર૦૧૯ તથા મંજુર થયેલ લે–આઉટ પ્લાનની નકલ.

(ર) "રાધેશ્રી ડેવલપર્સ"ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર જાતે તથા અન્ય ભાગીદારોના વહિવટકર્તા ભાગીદાર શ્રી પ્રતાપભાઈ રણછોડભાઈ જાગાણી જોગ પ્રવિણભાઈ જીવાભાઈ ગાજીપરા વિગેરેએ કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.પ૪૯૪, તા.૦પ–૦૮–ર૦૧૯ ના રોજની નકલ.

(૩) "રાધેશ્રી ડેવલપર્સ"ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર જાતે તથા અન્ય ભાગીદારોના વહિવટકર્તા ભાગીદાર શ્રી પ્રતાપભાઈ રણછોડભાઈ જાગાણી જોગ પ્રવિણભાઈ જીવાભાઈ ગાજીપરા વિગેરેએ કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૬૪પ૮, તા.૧૩–૦૯–ર૦૧૯ ના રોજની નકલ.

M.No. 98256 49755

Office :
101-Jyoti Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot

**M.D. FALDU**

B.Com. LL.B.,
Advocate (Guj. High)



(૪) "રાધેશ્રી ડેવલપર્સ"ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો વચ્ચે થયેલ રજી.ભાગીદારી ફેરફારનો દસ્તાવેજ અનુ.નં.૧૬૭૯, તા.૧૯-૦૩-૨૦૧૯ ના રોજની નકલ.

(૫) શ્રી પ્રવિણભાઈ જીવાભાઈ ગાજીપરા વિગેરે જોગ પી.પી.ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર જાતે તથા અન્ય ભાગીદારોના કુલમુખત્યાર દરજ્જે વિમલ પરશોતમભાઈ ઝાલાવાડીયાએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૧૬૫૪૮, તા.૨૪-૦૬-૨૦૧૦ ના રોજની નકલ.

(૬) શ્રી પ્રવિણભાઈ જીવાભાઈ ગાજીપરા વિગેરે જોગ પી.પી.ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર જાતે તથા અન્ય ભાગીદારોના કુલમુખત્યાર દરજ્જે વિમલ પરશોતમભાઈ ઝાલાવાડીયાએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૧૬૫૫૦, તા.૨૪-૦૬-૨૦૧૦ ના રોજની નકલ.

(૭) પી.પી.ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારોએ શ્રી વિમલ પરશોતમભાઈ ઝાલાવાડીયા જોગ તા.૨૨-૦૬-૨૦૧૦ ના રોજ કરી આપેલ કુલમુખત્યારનામાની નકલ.

(૮) પી.પી.ડેવલોપર્સ ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રી પરશોતમભાઈ પ્રેમજીભાઈ ઝાલાવાડીયા વિગેરે વચ્ચે તા.૧૮-૦૧-૨૦૧૦ ના રોજ કરેલ ભાગીદારી ફેરફાર દસ્તાવેજની નકલ.

(૯) પી.પી.ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ શ્રી જયશ્રીબેન જેન્તીલાલ સરધારાએ કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૧૨૧૧૯, તા.૧૯-૦૯-૨૦૦૯ ના રોજની નકલ.

(૧૦) પી.પી.ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ શ્રી દેવજીભાઈ ભવાનભાઈ ઉકાણીએ કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૧૧૪૨૮, તા.૦૫-૦૯-૨૦૦૯ ના રોજની નકલ.

...૧૦

M.No. 98256 49755

Office :
101-Jyoti Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot

**M.D. FALDU**

B.Com. LL.B.,
Advocate (Guj. High)



(૧૧) પી.પી.ડેવલોપર્સ ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રી પરશોતમભાઈ પ્રેમજીભાઈ ઝાલાવાડીયા વિગેરે વચ્ચે તા.૧૭–૦૮–૨૦૦૯ ના રોજ કરેલ ભાગીદારી દસ્તાવેજની નકલ. તથા રજી.ઓફ ફર્મની નકલ.

(૧૨) શ્રી દેવજીભાઈ ભોવાનભાઈ ઉકાણી જોગ વિજયાબેન મગનભાઈ સરધારાએ કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુ. નં.૮૨૭૪, તા.૧૪–૦૭–૨૦૦૯ ના રોજની નકલ.

(૧૩) વિજયાબેન મગનભાઈ સરધારા જોગ ચનાભાઈ રણછોડભાઈ સોરઠીયાએ કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૧૧૨૫૮, તા.૦૫–૦૭–૨૦૦૮ ના રોજની નકલ.

(૧૪) શ્રી જયશ્રીબેન જેન્તીલાલ સરધારા જોગ ચનાભાઈ રણછોડભાઈ સોરઠીયાએ કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૧૧૨૫૯, તા.૦૫–૦૭–૨૦૦૮ ના રોજની નકલ.

(૧૫) કલેકટર કચેરી, બીનખેતી શરતભંગ શાખા, રાજકોટમાંથી મેળવેલ બીનખેતી હુકમ નં.એનએ–લેરેકોક–૬૫–કેસ નં.૧૭૮/૦૭–૦૮,તા.૧૨–૦૬–૨૦૦૮ ની નકલ. તથા બીનખેતી સનદનો દાખલો.

(૧૬) જમીન આંકવા / ભાગ કરવાની અરજીની મંજુરી વર્ગીકરણ નં.૩૨, તા.૦૮–૧૧–૨૦૦૭ ની નકલ.

(૧૭) મંજુર થયેલ બીનખેતી લે–આઉટ પ્લાનની નકલ.

(૧૮) ઝોનીંગ સર્ટીફીકેટ તથા પાર્ટ પ્લાનની નકલ.

(૧૯) માપણી શીટ તથા હિસ્સા ફોર્મ નં.૪ની નકલ.

(૨૦) પ્રમોલગેશનથી ઉતરોતર ગામ નમુના નં.૬(હકક પત્રક), ૭, ૧૨, ૮–અની નકલો.

**અભિપ્રાય :–**

આમ સદરહું મીલકત ટાઈટલ કલીયર અને લોનેબલ છે તેવો હું અભિપ્રાય આપુ છુ. તેમજ ઉપરોકત ટાઈટલ ડીડઝ વંચાણે લેતા સદરહું મિલકત અંગેના ટાઈટલ

...૧૧

M.No. 98256 49755

Office :
101-Jyoti Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot

**M.D. FALDU**

**B.Com. LL.B.,**
**Advocate (Guj. High)**



શંકાથી પર, કલીયર અને માર્કેટેબલ હોવાનું માલુમ પડેલ છે. તેમજ રાજકોટ સબ–રજીસ્ટ્રાર કચેરીમાં સદરહુ મિલ્કત અંગે છેલ્લા **૩૦ વર્ષ**નું સર્ચ અમોએ કરેલ છે જે અંગેની રાજકોટ સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન–૧ ના પહોંચ નં.૨૦૨૦૦૨૨૦૦૪૫૭૬, તા.૨૪–૦૨–૨૦૧૯ તથા રાજકોટ સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન–૨ ના પહોંચ નં.૨૦૨૦૦૨૩૦૦૫૫૭૦, તા.૨૪–૦૨–૨૦૧૯ તથા રાજકોટ સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન–૭ના પહોંચ નં.૨૦૨૦૩૨૬૦૦૨૫૮૭, તા.૨૪–૦૨–૨૦૨૦ના રોજ મેળવેલ છે.

આમ સદરહુ મિલ્કતમાં **૩૦ વર્ષના સર્ચ** દરમ્યાન કોઈપણ જાતના વાંધા કે તકરાર સદરહુ મિલ્કત સંબંધે જાણવા મળેલ નથી.તેમજ સદરહુ મિલ્કત હાલમાં અન્ય કોઈ પણ જગ્યાએ મોર્ગેજ કે ગીરો થયેલ નથી.

આમ ઉપરોકત ટાઈટલ ડીડઝ તથા મિલ્કતને લગતા તમામ રેકર્ડ તથા જમીનના ઉતરોતર રેકર્ડ જોતા સદરહું મિલ્કત ટાઈટલ કલીયર, માર્કેટેબલ અને બોજા રહીત છે તેવો હું અભિપ્રાય આપુ છું.

રાજકોટ,

તા.૨૪–૦૨–૨૦૨૦

............................................

**એમ.ડી.ફળદુ**
(એડવોકેટ)
સનંદ નં.G/2076/2001

**M. D. FALDU**
B.Com., LL.B.
Advocate (Gujarat High Court)
101 - 102, Jyoti Complex,
2-Govind Ratna Park Corner,
Nr. Balaji Hall, 150 Feet Ring Road,
RAJKOT. Mo. 98256 49755
Enrl. No. G/2076/2001

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : મવડી રે સ નં.18/3 પ્લોટ નં.1 ચો મી 409-50

Search in : RAJKOT-1/RAJKOT-1

| પહોંચ નંબર | ૨૦૨૦૦૨૨૦૦૪૫૭૬ | અરજી નંબર | ૩૨૭૦ | અરજી વર્ષ | ૨૦૨૦ |
|---|---|---|---|---|---|
| તારીખ | ૨૪ | માહે | ફેબ્રુઆરી | સને | ૨૦૨૦ |

રજુ કરનારનું નામ એમ ડી ફળદુ (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

THE SEAL OF THE SUB-REGISTRAR OF રાજકોટ સબ રજીસ્ટ્રારનો (સિક્કો) રાજકોટ-૧ (સીટી) RAJKOT-1(CITY)

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઇડ / ફોલીયો........ | |
| શેરોની નકલ કરવા માટે ફી........ | |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી............Year: 1990 1998 | ૧૦૦.૦૦ |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |
| કુલ એકંદરે રૂ. | ૧૦૦.૦૦ |

અંકે રૂપીયા એક સો શુન્ય પુરા

દસ્તાવેજ

---------- ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

--------------- આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

એમ.જે.રાજયગુરૂ

સબ રજીસ્ટ્રાર

રાજકોટ - ૧

IGR-NIC(G) 4617734355681659192 (W) ૨૪/૦૨/૨૦૨૦ 16:12:23

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.ન:18/3 પ્લોટ ન:1 ચો.મી.409-50

Search in : મવડી /MAVDI

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૦૦૨૩૦૦૫૫૭૦ | અરજી નંબર | ૩૪૩૦ | અરજી વર્ષ | ૨૦૨૦ |
| તારીખ | ૨૪ | માહે | ફેબ્રુઆરી | સને | ૨૦૨૦ |

રજુ કરનારનું નામ એમ.ડી.ફળદુ (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-2 (MORBI ROAD) સબ રજીસ્ટ્રારનો સિક્કો રાજકોટ-૨ (મોરબી રોડ)

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........ | |
| શેરોની નકલ કરવા માટે ફી........ | |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી............Year: 1998 2012 | ૧૬૦.૦૦ |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |
| કુલ એકંદરે રૂ. | ૧૬૦.૦૦ |

અંકે રૂપીયા એક સો સાઈઠ પુરા

દસ્તાવેજ ---------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં ---------------- આવશે.

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

A. N. Dasani
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 2

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.નં. 18/3, પ્લોટ નં. 1

Search in : Mavdi/Mavdi

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૦૩૨૬૦૦૨૫૮૭ | અરજી નંબર | ૧૨૦૭ | અરજી વર્ષ | ૨૦૨૦ |
| તારીખ | ૨૪ | માહે | ફેબ્રુઆરી | સને | ૨૦૨૦ |

રજુ કરનારનું નામ એમ.ડી.ફળદુ (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-6 (MAVADI) રાજકોટ સબ રજીસ્ટ્રારનો (સિક્કો) રાજકોટ-૬ (મવડી)

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી.......... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.......... | |
| શેરોની નકલ કરવા માટે ફી.......... | |
| ટપાલ ખર્ચ.......... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ).......... | |
| શોધ અગર તપાસણી............Year: 2012 2020 | ૧૦૦.૦૦ |
| દંડ કલમ-૨૫.......... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ).......... | |
| નકલ ફી ફોલીયો.......... | |
| ઈન્ડેક્ષ-૨ ફી .......... | |

| કુલ એકંદરે રૂ. | ૧૦૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એક સો શુન્ય પુરા

દસ્તાવેજ

_ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

S T Kordiya
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 6 - મવડી